## એમ.એ. ભાગ ૨ : ગુજરાતી (૨૦૦૨)ની પરીક્ષા માટે
### મુખ્ય અને ગૌણ

**પ્રશ્નપત્ર ૫ : ગ્રંથકારનો અભ્યાસ**

નીચેનામાંથી ગમે તે એક ગ્રંથકારનો તલસ્પર્શી અભ્યાસ :
મધ્યકાળ-પ્રેમાનંદ અથવા અર્વાચીન કાળ-કાન્ત.

**કેટલાક મહત્ત્વના સંદર્ભગ્રંથો**

| | | | |
|---|---|---|---|
| (૧) | ૧. | પ્રેમાનંદ–એક અધ્યયન | : કે. કા. શાસ્ત્રી |
| | ૨. | પ્રેમાનંદ–એક સમાલોચના | : રમેશ શુક્લ |
| | ૩. | કવિ શિરોમણી પ્રેમાનંદ | : પ્રસાદ બ્રહ્મભટ્ટ |
| | ૪. | પ્રેમાનંદ | : જયંત ગાડીત |
| | ૫. | કાન્ત વિશે | : ભૃગુરાય અંજારિયા |
| | ૬. | ઉપહાર | : સંપાદક સુરેશ દલાલ |
| | ૭. | કાન્ત | : વિજય શાસ્ત્રી |
| | ૮. | કાન્ત | : અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ. |

**મુખ્ય**

**પ્રશ્નપત્ર ૬ : ગુજરાતી ભાષાવૈજ્ઞાનિક અધ્યયન**

**ખંડ પહેલો : ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય (૪૦ ગુણ)**

(અહીં નીચેના મુદ્દાઓનો પ્રાથમિક પરિચય અપેક્ષિત છે. પેટાવિગતો કે પેટાપ્રકારોમાં ન જવું.)

૧. 'ભાષા' શબ્દના વિવિધ અર્થો. (યાદૃચ્છિક ધ્વનિસંકેતોની વ્યવસ્થા)ની સ્પષ્ટતા.

૨. ભાષાવિજ્ઞાનના વિષયપ્રદેશની સામાન્ય સમજૂતી (ભાષાવિજ્ઞાનની વિવિધ શાખાઓ અને અન્ય વિદ્યાશાખાઓ સાથેના એના સંબંધના નિર્દેશ સાથે).

૩. ધ્વનિવિચાર :

(અ) ધ્વનિસ્વરૂપશાસ્ત્ર અને ધ્વનિઘટકશાસ્ત્ર કે ધ્વનિતંત્રનો ભેદ

(બ) ધ્વનિસ્વરૂપનો અભ્યાસ : ઉચ્ચારણમૂલક, ધ્વનિમાંજાંકીય અને શ્રુતિમૂલક ધ્વનિસ્વરૂપના અભ્યાસનો સામાન્ય પરિચય આપી ઉચ્ચારણપ્રક્રિયા અને વિવિધ અંગો જેવાં કે : ફેફસાં, નાદતંત્રીઓ, ગ્રસનિકા, નાસિકાવિવર, પડજીભ, જીભ-હોઠ જેવાં અંગોનું કાર્ય સમજાવવું. વિવિધ ધ્વનિપ્રકારો અને ધ્વનિગુણોની ઓળખ : સ્વર, વ્યંજન, અર્ધસ્વર, ઘોષ-અઘોષ, અલ્પપ્રાણ-મહાપ્રાણ, સ્પર્શ, સંઘર્ષી, પ્રકંપી, પાર્શ્વિક થડકારવાળા અને સ્થાનભેદે થતા ધ્વનિભેદનો પરિચય અપાય. અનુનાસિક પ્રતિવેષ્ટિત, અલ્પપ્રાણત્વ-મહાપ્રાણત્વ, ઘોષત્વ-અઘોષત્વ, હ્રસ્વત્વ-દીર્ઘત્વ (કાલમાન), ભાર (stress), સૂર (pitch), જેકચર (Juncture), પ્લુતિ, અક્ષર.

૪. રૂપવિચાર : રૂપઘટક, ઉપરૂપઘટક, મુક્તઘટક અને બદ્ધઘટક : સામગ્રીઘટકો અને કાર્યઘટકો (Contentives and Functives) અંગસાધકઘટકો (Derivational & Inflexional), પ્રત્યય (Affix) : પૂર્વપ્રત્યય, પરપ્રત્યય, અંતઃપ્રત્યય.

૫. વાક્યવિચાર : પદક્રમ (Syntax), પદસંવાદ (Concord), પદનિયંત્રણ (Government), પ્રતિનિર્દેશન (Differences), ઘટકો અને રચના (Constituents & Constructions), અવ્યવહિત ઘટકો (Immediate Constitutions), બંધ રચના અને ખુલ્લી રચના, અંતઃકેન્દ્રી અને બહિઃકેન્દ્રીય રચનાઓ, વાક્ય અને વાક્ય પ્રકારો : કર્તા અને ક્રિયાપદવાળા, કર્તા વગરના, ક્રિયાપદ વગરના, સંબોધનાત્મક : કહેવતરૂપ, ઉદ્ગારવાચક, પૂરકરૂપ (Completive) સાદુ-સંયુક્ત-સંકુલ (Simple Compound Complex) વાક્ય.

૬. (ક) ભાષાઓના આનુવંશિક અને સ્વરૂપનિષ્ઠ વર્ગીકરણનો સામાન્ય પરિચય (ભાષાકુળો અને પ્રકારો અપેક્ષિત નથી.)

(ખ) ભાષાવિજ્ઞાનની મુખ્ય અભ્યાસપદ્ધતિઓ : વર્ણનાત્મક, ઐતિહાસિક, તુલનાત્મક

(ગ) ઓગણીસમી અને વીસમી સદીમાં થયેલા ભાષાવિજ્ઞાનના વિકાસની રૂપરેખા-મુખ્ય વળાંકો સાથે (વ્યક્તિગત કાર્યની નોંધ અપેક્ષિત નથી.)

(ઘ) પ્રાચીન ભારતમાં થયેલા ભાષાવૈજ્ઞાનિક કાર્યની રૂપરેખા.

૭. ભાષાપરિવર્તન (સ્વરૂપ, પ્રકારો) :

(અ) ધ્વનિપરિવર્તન, ધ્વનિપરિવર્તનની નિયમિતતા, ધ્વનિપરિવર્તનના પ્રકારો, જેવા કે,

(૧) ધ્વનિતંત્રીય : એકના બે ધ્વનિઘટકો થવા, બેનો એક થવો કે લોપ થવો.

(૨) ઉચ્ચારણગત : સ્થાન-પ્રત્યયનું પરિવર્તન તથા સારુપ્ય, વૈરુપ્ય, સવર્ણલાપ, પ્રક્ષેપ.

(બ) વ્યાકરણગત, પરિવર્તન, સાદૃશ્ય વ્યાપાર, અર્થપરિવર્તન અને એના મુખ્ય પ્રકારો, શબ્દભંડોળનું પરિવર્તન, આદાનવ્યાપાર.

## ખંડ બીજો : ગુજરાતી ભાષાનો ઇતિહાસ (૪૦ ગુણ)

૧. પ્રાચીન ભારતીય આર્ય (વૈદિક સંસ્કૃત)થી મધ્યમ ભારતીય આર્ય સુધીનો :

(અ) ધ્વનિપરિવર્તનો : અનુપૂર્તિ ૧માં આપેલા મુદ્દાઓને લક્ષમાં રાખીને અભ્યાસ.

(બ) વ્યાકરણમૂલક પરિવર્તનો : નામિક અને આખ્યાયિક રૂપરચનામાં થયેલાં પરિવર્તનોની વ્યાપક રૂપરેખા જ અપેક્ષિત છે. (ભિન્ન ભિન્ન પ્રાકૃતોનાં ભેદક લક્ષણોની જાણકારી અપેક્ષિત નથી.)

૨. અપભ્રંશ વ્યાકરણની રૂપરેખા-નામિક અને આખ્યાતિક સંબંધનો પરિચય.

૩. અપભ્રંશથી પ્રાચીન ગુજરાતી, પ્રાચીન ગુજરાતીથી મધ્યકાલીન ગુજરાતી અને મધ્યકાલીન ગુજરાતીથી અર્વાચીન ગુજરાતી સુધીમાં થયેલાં :

(ક) ધ્વનિપરિવર્તનો-અનુપૂર્તિ-૨માં આપેલા મુદ્દાઓને લક્ષમાં રાખીને અભ્યાસ.

(ખ) વ્યાકરણમૂલક પરિવર્તનો : નામિક અને આખ્યાતિક રૂપરચનામાં થયેલાં પરિવર્તનોની વ્યાપક રૂપરેખા અપેક્ષિત છે.

## ખંડ ત્રીજો : અર્વાચીન ગુજરાતી ભાષા અને ભાષા અધ્યયન (૨૦ ગુણ)

૧. ગુજરાતી ભાષાના ધ્વનિતંત્રના પ્રશ્નો-સ્વરયુગ્મો અને સંયુકત સ્વરો, મર્મર અને મહાપ્રાણ ધ્વનિઘટકોની વ્યવસ્થા, અર્ધસ્વરોની ચર્ચા.

૨. ગુજરાતી ભાષાનું વાક્યતંત્ર-(૧) પદસંવાદ અને પદક્રમની લાક્ષણિકતાઓ (૨) વાક્યના પ્રકારો : વિધિવાક્ય, નિષેધવાક્ય, વિધાનવાક્ય, (૩) પ્રશ્નવાક્ય, પ્રેરકવાક્ય (૬) કર્તરિ, કર્મણિ, (૪) વાક્યપરિવર્તન : વિધિવાક્ય પરથી નિષેધવાક્ય, કર્તરિ પરથી કર્મણિ, સાદા પરથી પ્રેરકવાકયમાં રૂપાંતર.

૩. ગુજરાતી ભાષાની મહત્ત્વની લાક્ષણિકતાઓ : ઉચ્ચારણ, શબ્દભંડોળ, વાક્યરચના આદિની દૃષ્ટિએ સંક્ષેપમાં પરિચય.

૪. ગુજરાતીમાં થયેલું ભાષાવૈજ્ઞાનિક કાર્ય :

(૧) ઐતિહાસિક દૃષ્ટિએ

(૨) ગુજરાતીના ધ્વનિતંત્ર-રૂપતંત્ર, શબ્દભંડોળ, બોલીઓ તથા અન્ય વિષયમાં થયેલ

(૩) મુખ્ય વિદ્વાનોના અર્પણની દૃષ્ટિએ.

## અનુપૂર્તિ ૧

પ્રાચીન ભારતીય આર્યથી મધ્યમ ભારતીય આર્ય સુધીનાં ધ્વનિપરિવર્તનો :

૧. સ્વરોમાં થયેલાં પરિવર્તનો :

(૧) 'ઋ'નું પરિવર્તન

(૨) દીર્ઘ સ્વરો હ્રસ્વ થવા.

(૩) સંયુકત સ્વરો સાદા બનવા.

(૪) અમુક સંયોગોમાં 'ઈ' નો 'એ' તથા 'ઉ' નો 'ઓ' થવો.

૨. એકવડા (અસંયુકત) વ્યંજનોમાં થયેલાં પરિવર્તનો :

(૧) અંત્ય સ્થાનના વ્યંજનનો લોપ.

(૨) આદ્ય-અનાદ્ય સ્થાને શ, ષ, ય નું પરિવર્તન.

(૩) મધ્યસ્થાને :

(અ) લોપ પામતા અલ્પપ્રાણ વ્યંજનો.

(આ) 'હ' રૂપે પરિણમતા મહાપ્રાણ વ્યંજનો.

૩. સંયુક્ત વ્યંજનોમાં થયેલાં પરિવર્તનો :

(૧) સ્પર્શ + સ્પર્શ (સમાન અને અસમાન સ્થાન)ના સંયોગનું પરિવર્તન

(૨) સ્પર્શ + ઉષ્મ અને ઉષ્મ + સ્પર્શના સંયોગનું પરિવર્તન

(૩) સ્પર્શ + નાસિક્યના સંયોગનું પરિવર્તન

(૪) ઉષ્મ + નાસિક્યના સંયોગનું પરિવર્તન

(૫) સ્પર્શ + ય, ર, વ નું પરિવર્તન

(૬) ઉષ્મ + ય, ર, વ નું પરિવર્તન.

૪. દંત્ય (સંયુક્ત અને અસંયુક્ત)નો મૂર્ધન્ય ભાવ.

## અનુપૂર્તિ ૨

અપભ્રંશથી ગુજરાતી સુધીમાં થયેલાં ધ્વનિપરિવર્તનો :

૧. સ્વરોમાં થયેલાં પરિવર્તનો :

(૧) અમુક સંયોગોમાં (સંયુક્ત વ્યંજનો સાદા થવાં) હ્રસ્વ સ્વરનું દીર્ઘ થવું.

(૨) એકલા 'ઈ' અને 'ઉ' નું પરિવર્તન

(૩) 'અઈ' ('અય' અને 'અઉ') 'અવ' નું પરિવર્તન

(૪) સાનુનાસિક સ્વરોનું નિર્માણ

૨. વ્યંજનોમાં થયેલું પરિવર્તન :

(૧) સંયુક્ત વ્યંજન સાદા થવા અને હ્રસ્વ સ્વરનું દીર્ઘ થવું.

(૨) અસંયુક્ત 'હ' નું આગળ-પાછળ જવું અને લોપ થવો.

(૩) અમુક સંયોગોમાં 'સ' નો 'શ'

૩. વ્યંજનોમાં થતો ફેરફાર :

(૧) સંયુક્ત વ્યંજનોનો વિશ્લેષ

(૨) મધ્યવર્તી 'ક' ના 'ગ', 'પ' નો 'બ'

(૩) 'ન' નો 'ણ', 'ય' નો 'જ'

(૪) સ્વરમધ્યવર્તી 'લ' નો 'ળ'

(૫) 'ર' કારનો આગમ.

## સંદર્ભગ્રંથો

(અભ્યાસના મુદ્દાઓ અને અપેક્ષાઓને લક્ષમાં રાખી સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરવો.)


1. 'Introductory Linguistics' : Hall
૨. 'ભાષાવિજ્ઞાન' ખંડ-૧ : ડૉ. કે. બી. વ્યાસ
૩. 'ગુજરાતી ભાષાનું સ્વરૂપ અને ધ્વનિપરિવર્તન' : ડૉ. પ્રબોધ પંડિત
૪. 'વ્યુત્પત્તિ વિચાર' : ડૉ. હરિવલ્લભ ભાયાણી
5. 'Gujarati Phonology' : R. L. Turner (Old)
અનુવાદ : 'ગુજરાતી સ્વરવ્યંજન પ્રક્રિયા' : કે. કા. શાસ્ત્રી
6. 'Some Notes on the Old Western Rajasthni' : L. P. Tesitory
અનુવાદ : 'જૂની પશ્ચિમી રાજસ્થાની' : કે. કા. શાસ્ત્રી
7. 'The Language of Gujarati' : Dr. T. N. Dave
8. 'Gujarati Language and Literature' : N. B. Divetia
૯. 'બોલીવિજ્ઞાન અને ગુજરાતી બોલીઓ' : ડૉ. યોગેન્દ્ર વ્યાસ.
૧૦. 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' : ડૉ. યોગેન્દ્ર વ્યાસ.
૧૧. 'ગુજરાતી ભાષાશાસ્ત્રના વિકાસની રૂપરેખા' : ડૉ. કે. બી. વ્યાસ
૧૨. 'અપભ્રંશ વ્યાકરણ' (આચાર્ય હેમચન્દ્રકૃત) : ડૉ. હરિવલ્લભ ભાયાણી
૧૩. 'વ્યાકરણ વિમર્શ' : ડૉ. ઉર્મિ દેસાઈ
૧૪. 'ગુજરાતી વાક્યવિચાર' : ડૉ. અરવિંદ ભંડારી


**પ્રશ્નપત્ર ૭ : પ્રશિષ્ટ કૃતિ અને અપઠિત :**

(ક) કોઈ એક પ્રશિષ્ટ કૃતિનો અભ્યાસ : ... ૪૦ ગુણ

૨૦૦૨ની પરીક્ષા માટે 'સમૂળી ક્રાંતિ' (કિશોરલાલ મશરૂવાળા) સૂચવવામાં આવે છે.

(ખ) નિબંધ ... ૩૦ ગુણ

(ગ) હેવાલ લેખન ... ૧૫ ગુણ

(ઘ) પ્રૂફવાચન ... ૧૫ ગુણ

## સંદર્ભ ગ્રંથો


૧. ગાંધી યુગનું ગદ્ય : દલપત પઢીયાર
૨. કિશોરલાલ મશરૂવાળા–એક અધ્યયન : કેતકી બલસારા
૩. પ્રૂફ વાચન : રતિલાલ નાયક


પ્રશ્નપત્ર : ૭ના શરતી વિકલ્પે લઘુ શોધનિબંધ (ડિઝર્ટેશન)

એમ.એ. ભાગ-૧ની પરીક્ષામાં પંચાવન ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર માત્ર નિયમિત (રેગ્યુલર) વિદ્યાર્થીઓ જ લઘુ શોધનિબંધ (ડિઝર્ટેશન) રાખી શકશે.

એમ.એ. ભાગ-૨ (ફક્ત એન્ટાયર ગુજરાતી વિષય લેનાર વિદ્યાર્થીઓ માટે)

**પ્રશ્નપત્ર ૮ : તુલનાત્મક સાહિત્ય**

(ક) સૈદ્ધાંતિક મુદ્દાઓ :

૧. વિશ્વ સાહિત્ય (World Literature)
૨. વ્યાપક સાહિત્ય (General Literature)
૩. તુલનાત્મક સાહિત્યનું સ્વરૂપ
૪. તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર
૫. અસર (Influence)નો અભ્યાસ
૬. સાદૃશ્ય (Affinity)નો અભ્યાસ
૭. પરંપરા (Traditional)નો અભ્યાસ
૮. તુલનાત્મક સાહિત્યમાં અનુવાદનું મહત્ત્વ.

(ખ) કવિતા, નવલકથા, ટૂંકી વાર્તા, નાટક પૈકી કોઈ પણ એક સ્વરૂપની ગુજરાતી સાહિત્યમાંથી એક કૃતિ ઉપરાંત ભારતીય સાહિત્યમાંથી એક અથવા પરદેશી સાહિત્યમાંથી એક કૃતિનો અભ્યાસ નિયત કરવો.

### નાટકનું સ્વરૂપ (કૃતિઓ)

૧. 'ભગવદ્જ્જુકિયમ' : બોધાયન
૨. 'છિયે તે જ ઠીક' : ક. મા. મુનશી

આ કૃતિઓનો તુલનાત્મક અભ્યાસ જ અપેક્ષિત છે. તેમાંથી તુલનાત્મક સાહિત્યના અભ્યાસની દૃષ્ટિએ જ પ્રશ્નો પુછાશે.

આ કૃતિઓનો અભ્યાસ મુખ્યત્વે વિષયવસ્તુ, શૈલી, સ્વરૂપગત લાક્ષણિકતાઓ, પાત્રાલેખન, કથાઘટકો, પ્રાકૃતિક-ઘટનાઓ, સાંસ્કૃતિક પીઠિકા તેમ જ કૃતિજન્ય અન્ય તુલનાત્મક મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને કરવાનો રહેશે.

અથવા

**વૈકલ્પિક પ્રશ્નપત્ર ૮ : સાહિત્ય અને કલામીમાંસા :**

ગત વર્ષની જેમ જ રાખવું.

**અભ્યાસના મુદ્દા :**

૧. કલામીમાંસા : સ્વરૂપ, પ્રયોજન, કાર્યક્ષેત્ર, ઉદ્ભવ અને વિકાસ
૨. કલાવિભાવના : ભારતીય અને પશ્ચિમાત્ય સંદર્ભમાં, સાહિત્યકલા અને લલિતકલાઓ અને અન્ય લલિતકલાઓ અને સાહિત્ય કલાના ઉપાદાનો.
૩. કલામીમાંસા અને સાહિત્ય વિવેચન, તેના પ્રયોજનો અને પદ્ધતિઓ, સાહિત્ય વિવેચનનો દાર્શનિક પીઠીકા.
૪. કલાસર્જનમાં પ્રેરણા, અનુભૂતિ, અનુકરણ અને રૂપનું સ્થાન, સર્જનક્રિયા પ્રતિભા, વ્યુત્પતિ અને અભ્યાસ.
૫. વ્યવહારાનુભવનાં સંદર્ભમાં કલાનુભવનું સ્વરૂપ.
૬. કલાના આસ્વાદ અને અર્થઘટનના પ્રશ્નો.
૭. કલાનો જીવન, ધર્મનીતિ અને વાસ્તવિકતા સાથેનો સંબંધ.
૮. કલાનું સત્ય અને વિજ્ઞાનનું સત્ય.